ઈસનપુર મોટા ખાતે મેઘરાજાની પધરામણી માટે પર્જન્ય યજ્ઞ યોજાયો

ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષે મેઘરાજાના રિસામણાથી ધરતીપુત્રઓમાં ભારે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ત્યારે હાલમાં ખરીફ પાકોમાં કપાસ, મગફળી, ડાંગર, શાકભાજી, જુવાર જેવા મહામુલો પાક મુંઝાવવા લાગતાં ખેડૂતોના જીવ પડીકે બંધાતા મહામુસીબતના એંધાણોથી ગામોમાં ઠેર ઠેર મેઘરાજાની પધરામણી માટે ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં ચિલોડા રામજી મંદિરમાં ભાવિકભક્તો દ્વારા છત્રીસ કલાકની સતત રામધૂનથી મેઘરાજાને આજીજી કરી રહ્યા છે. ત્યારે ઈસનપુર મોટા ખાતે સમસ્ત ગ્રામજનો ગ્રામપંચાયત, ગામની વિવિધ સામાજિક, સહકારી મંડળી, આરોગ્ય-શૈક્ષણિક સંસ્થાના સહયોગથી શ્રી અંકલેશ્વર મહાદેવ મંદિરે સવારે ૧૦ વાગ્યાથી પર્જન્ય યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞ દ્વારા સાંજે ૫.૧૫ કલાકે શ્રીફળ હોમવાનો કાર્યક્રમ સાથે ગામના દરેક ઘરે ગ્રામજનો દ્વારા મેઘરાજાની ઉજાણીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. પર્જન્ય યજ્ઞમાં શાસ્ત્રીજી દ્વારા શાસ્ત્રોક્તવિધિ મુજબ એક લાખ ઓમ નમો શિવાયના મંત્રોચ્ચાર દ્વારા મેઘરાજાની પધરામણી માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

જમીન સર્વે માપણી મગફળી કાંડ જેવું જ મોટું કૌભાંડ, જુની માપણી રદ કરો

૯ એજન્સી દ્વારા કરાયેલી ૮૦ ટકા ખોટી માપણીમાં ભુલ સુધારણા માટે મંત્રીઓની સમિતિ ખેડૂતોને ગેરમાર્ગે દોરી છેતરપીંડી કરવા બનાવી છે : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૫

ભાજપ સરકાર દ્વારા છેલ્લા ૯ વર્ષથી જમીન સર્વેની કરવામાં આવી રહેલી કામગીરીનો જો સર્વે રેકોર્ડ જાહેર કરવામાં આવે તો મગફળી કાંડ કરતાં પણ મોટું કૌભાંડ નીકળે તેમ હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આ સેટેલાઈટ સર્વેમાં ૮૦ ટકા જેટલી ખોટી થયેલી માપણી સામે ૧૮ હજાર જેટલી સુધારાની રજૂઆતો આવી હોવાથી ખેડૂતોને ગેરમાર્ગે દોરી છેતરપીંડી કરવાનાં બદલે નવેસરથી વિશ્વસનીય માપણી કરવા માંગણી કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકાર દ્વારા ૨૦૦૯-૧૦થી જમીનોનો સેટેલાઈટ સર્વે કરવામાં આવી રહ્યો છે. ગુજરાતનાં ૧૮ હજાર જેટલાં ગામડાંઓમાં અંદાજે ૧.૨૫ કરોડ જેટલા સર્વે નંબરની માપણી કરી, તેને પ્રમાણિત – (પ્રમોલગેટ) કરવા ૯ અલગ – અલગ કંપનીઓ પાછળ કરોડો રૂપિયા વેડફવામાં આવ્યાં છે. આમ છતાં આ કંપનીઓ દ્વારા ખોટી રીતે કરવામાં આવેલી માપણીનાં કારણે ખેડૂતોએ તેમની બાપ-દાદાની જમીન (ખેતરો) છીનવાઈ જાય નહીં તે માટે ભૂલો સુધારવા ૧૮ હજાર જેટલી અરજીઓ કરી છે. આમ, આ ૮૦ ટકા જેટલી બોગસ માપણી સામે વિરોધનો વંટોળ ઉભો થતાં મહેસૂલ મંત્રી દ્વારા નાયબ મુખ્યમંત્રી સાથે ૪ મંત્રીઓની સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિ ખેડૂતોની ભૂલ સુધારણા અરજીએ જોઈને ઉકેલ લાવશે તેવો દિલાસો આપી ખેડૂતોને ફરી એકવાર છેતરવાનું આયોજનબદ્ધ ષડયંત્ર રચવામાં આવ્યું છે.

વાસ્તવમાં ૮૦ ટકા ભૂલો સુધારવી અશક્ય હોવા સાથે ખેડૂતોને ગ્રામસભા અને અરજીનાં બહાને લૂંટી લેવાનું કૌભાંડ જ છે. આ ઉપરાંત સમિતિ બનાવીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનાં બદલે આ માપણી સંપૂર્ણપણે રદ્દ કરી આ સર્વેમાં ભૂલો થઈ હોવાનો સ્વીકાર કરવો જોઈએ. આ સાથે મંત્રીઓનાં બદલે ખેડૂતોને વિશ્વાસમાં લઈ અને તેમને સાથે રાખી આ જમીન સર્વેની સમગ્ર માપણી નવેસરથી હાથ ધરવી જોઈએ.

સંકેતો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થયેલી બેઠક બાદ નવા સંકેતો મળી રહ્યા છે. આ બેઠક એક કલાક સુધી ચાલી હતી. મોદી અને રાવે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી ઉપર ચર્ચા વિચારણા કરી હતી. મોદી સાથે વાતચીત કર્યા બાદ રાવે કહ્યું હતું કે જો ચૂંટણી બાદ ગઠબંધન તેમની પાર્ટીના હિતમાં રહેશે નહીં તો ભાજપને જરૂર પડશે તો ગઠબંધન મામલે ટેકો આપવામાં આવશે. છેલ્લા થોડાક દિવસમાં જ મોદીએ વારંવાર ટીઆરએસની પ્રશંસા કરી છે. લોકસભામાં મોદી સરકારની સામે ટીડીપી દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન પણ ટીઆરએસએ પોતાને અલગ કરી લેવાની જાહેરાત કરી હતી. ટીડીપી એનડીએ સાથે અલગ થયા બાદથી એનડીએ દ્વારા ટીઆરએસને સાથે લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન એકબાજુ મોદીએ ટીડીપીના પ્રમુખ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની ટેકા કરી હતી. જ્યારે બીજી બાજુ ટીઆરએસ પ્રમુખ ચંદ્રશેખર રાવની પ્રશંસા પણ કરવામાં આવી હતી. જૂનમાં ચંદ્રશેખર રાવે મોદી સાથે વાતચીત કરી હતી. ૫૦ દિવસની અંદર જ મોદી અને રાવ વચ્ચે આ બીજી વાતચીત છે. આવી સ્થિતિમાં સમીકરણો બદલાવવાના સંકેતો દેખાઈ રહ્યા છે. બીજી બાજુ તેલંગાણા તરફથી કેટલીક માંગો હજુ પણ કેન્દ્રમાં પેન્ડીંગ રહેલી છે. માત્ર જુદા જુદા કારણોથી રાજકીય સંબંધો બગાડવામાં આવી રહ્યા નથી. ટીઆરએસ સરકારમાં એક મંત્રી પોતે કહે છે કે અમે આ માંગોને લઈને કેન્દ્રની સામે સતત રજુઆત કરીશું. કેન્દ્ર સરકાર સાથે સારા સંબંધો રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. વધતા જતા નજીકના સંબંધોને લઈને ટીઆરએસ હજુ ભાજપને સંપૂર્ણપણે ટેકો આપવાની તૈયારીમાં નથી. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનના સૂચનને પાર્ટી પહેલાથી જ અસ્વીકાર કરી ચુકી છે.

બાયડમાં સફાઈ કામદારોની અચોક્કસ મુદ્દતની હડતાલ

નગરપાલિકાના સફાઈ કામદાર પર હુમલો કરનાર પટેલ પિતા પુત્રની ધરપકડ નહિ થાય ત્યાં સુધી કામગીરીથી અળગા રહેશે

બાયડ, તા. ૫

અરવલ્લી જીલ્લાના બાયડ નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદાર બાયડ નગરપાલિકાનું છોટાહાથી લઈને બાયડ ગામમાં ઘન કચરો ઉઘરાવા નીકળ્યા હતા ત્યારે બાઈક પાછળ ઘાસચારો લઈ નીકળેલ ઈસમે રસ્તાની સાઈડમાં વાહન ઉભું રાખવાનું કહી એકાએક ઉશ્કેરાઈ જઈ તેના ૨૦ વર્ષીય પુત્ર સાથે મળી સફાઈ કામદારને જાતિ પ્રત્યે અપમાનિત કરી અશબ્દો બોલી લાકડીઓ વડે માર મરાતા અને કપડાં ફાડી નાખી ફરાર થઈ જતા સફાઈ કામદારને માર મારવાની ઘટનાથી સફાઈ કામદારોમાં રોષ ફેલાયો હતો. વાલ્મિકી સંગઠનના અગ્રણીઓ પણ દોડી આવ્યા હતા અને ચીફ ઓફિસરને હુમલા અંગે જાણ કરી બાયડ પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કનુભાઈ શામળભાઈ પટેલ અને તેના ૨૦ વર્ષીય પુત્ર વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને જાહેરકામમાં રૂકાવટની ફરિયાદ નોંધી એસી એસટી સેલને મોકલી અપાતા પોલીસતંત્ર દ્વારા પિતા-પુત્રની ધરપકડ તાત્કાલિક ધરપકડ કરવાની માંગ સાથે બંને આરોપીઓની ધરપકડ નહિ થાય ત્યાં સુધી બાયડ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ હડતાલ પર ઉતારી ગયા હતા અને કામકાજથી અળગા રહેવાનો નિર્ણય કરતા પોલીસતંત્ર અને નાગરપલિકા તંત્રના દોડધામ મચી હતી.

બાયડ નગરપાલિકા કચેરી પટાંગણમાં બાયડ નગરપાલિકાના સફાઈ કામદારો અને ગુજરાત વાલ્મિકી સંગઠનના અગ્રણીઓ ધરણા ધરી નગરપાલિકાના કર્મચારીઓએ સફાઈ કામદાર પર હુમલો કરનાર પિતા-પુત્રની ધરપકડ નહિ થાય ત્યાં સુધી હડતાલ કરવામાં આવશે. જણાવી દલિતો પર અત્યાચાર બંધ કરોના નારા લગાવી સફાઈ કામદારોને યોગ્ય સુરક્ષા પુરી પાડવાની માંગ કરી હતી. સફાઈ કામદારો હડતાલ પર ઉતારતા શહેરમાં ગંદીકના થર જામવાની અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત પેદા થઈ છે.

મહિયલ ગામની બીઆરસી ભવનમાં સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાઈ

મહિયલ ગામની આંગણવાડી કેન્દ્ર દ્વારા બીઆરસી ભવનમાં સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મહિલા સશક્તિકરણ, મહિલા સ્વાવલંબન તેમજ સ્વચ્છતા અભિયાન અંગે શિબિરનું આયોજનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંકલીત બાળવિકાસ યોજના અધિકારી રશ્મીકાબેન પ્રજાપતિ, તાલુકા કો. ઓર્ડીનેટર ચંદ્રીકાબેન સુતરીયા, મહિલા આયોગમાંથી ખાસ પધારેલ મુખ્ય સેવિકા રમિલાબેન સાગર, કોમલબેન તલાટી, શાળા આચાર્ય, આંગણવાડી કાર્યકર શર્મિષ્ટાબેન પટેલ તેમજ મોટી સંખ્યામાં સગર્ભા માતાઓ તેમજ ધાત્રીમાતાઓ અને કિશોરીઓ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તેમને યોજના અધિકારીએ ૧૨૦ જેટલી સરકારની વિવિધ યોજનાથી વાકેફ કર્યા હતા.

મોરચાની જરૂર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી. કહ્યું હતું કે મમતા આસામમાં રાષ્ટ્રીય નાગરિક નોંધણીનો મુસદ્દો જારી કરવામાં આવ્યા બાદ એક મોરચા બનાવવા માટે ગંભીરતાથી કામ કરી રહી છે. આસામમાં ૪૦ લાખ લોકોને યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી.

ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે એના આંકડાઓ વર્તમાન પત્રોના પત્રકારો કે સામાજિક વિજ્ઞાનના અભ્યાસુઓના લેખ માટેના સેકન્ડરી ડેટા તો છે જ પરંતુ વહિવટીતંત્ર માટે દેશ, રાજ્ય શહેર કે ગામના ભવિષ્યનો વિકાસ કરવા માટેનો એક પથદર્શક-પ્રમાણભૂત અહેવાલ પણ છે એમ સમજીને જો કામ કરવામાં આવે તો ગાંધીનગર શહેર કે જિલ્લો જ નહી સમગ્ર ગુજરાત કાચી ઈંટ-પતરા-પ્લાસ્ટીકની દિવાલ અને છતવાળા રહેણાંકોમાંથી મુક્તિ મેળવી શકે. સામાજિક વિકાસ માટે આ કામ કરવા જેવું તો ખરૂ ને.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે)

પ્રભાતના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતરના ઉમળકાથી બિરદાવીએ છીએ. કનુભાઈ દવે, રમેશભાઈ ઉપાધ્યાય અને પ્રફુલ્લભાઈ રાવલના નેતૃત્વમાં ચાલતી આ પ્રવૃત્તિ સમાજજીવન માટે પ્રેરક બની રહી છે. જન સેવા એજ પ્રભુસેવાને ગૌરવપૂર્વક સાર્થક થતી જોવી હોય તો ક્યારેક બીજા કે ચોથા રવિવારે સવારે ૧૦ વાગે સેક્ટર-૧૨ના ખોડિયારમાતાના મંદિરે પહોંચી માનવસેવાની ખળખળ વહેતી સેવા સરીતાને મનોમન વંદન કરી અહોભાવ વ્યક્ત કરવાનું ચુકવા જેવુ નથી.

આયુષ્યમાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ આરોગ્ય મંત્રાલયને હોસ્પિટલોમાં સાફ સફાઈ માટે પણ સૂચના આપી દીધી છે. જે હોસ્પિટલમાં આયુષ્યમાન ભારત હેઠળ દર્દીઓની સારવાર થશે તેમાં સાફ સફાઈને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. મોદી લાલ કિલ્લાથી સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રને સંબોધન કરશે ત્યારે આની જાહેરાત કરી શકે છે. રિવ્યૂ મિટીંગમાં જુદા જુદા પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં નીતિ આયોગ, આરોગ્ય મંત્રાલય, પીએમઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોદી કેરનો ઉદ્દેશ્ય ૫૦ કરોડ લોકોને આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે.

ભૂકંપ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જારી કરવામાં આવી હતી. લોકોને દરિયાથી દુર રહેવા માટે કહેવામાં આવ્યું હતું. સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે કહેવામાં આવ્યું હતું. ઉંચાણવાળા વિસ્તારો પર જતા રહેવા કહેવામાં આવ્યું હતું. દહેશતમાં ન રહેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. લામબાકના નિવાસીઓએ ક્યું હતું કે આંચકો એટલો પ્રચંડ હતો કે લોકો ઘરમાંથી બહાર દોડી ગયા હતા. લોકોમાં ભારે દહેશત દેખાઈ રહી હતી. એક સપ્તાહ પહેલા જ ૬.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. જેમાં ૧૭ લોકોના મોત થયા હતા. સેંકડો ઈમારતોને નુકસાન થયું હતું. ઈન્ડોનેશિયા વિશ્વમાં એકમાત્ર એવો દેશ છે જે રીંગ ઓફ ફાયર ઉપર સ્થિત છે.

પીવી સિંધુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ બીજા ગેમમાં મારીને એક તરફી જીત મેળવી હતી. આની સાથે જ મેચ અને વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપનો તાજ બંને મારીને પોતાના નામ ઉપર કર્યા હતા. બંને ખેલાડીઓ વચ્ચે હજુ સુધી ૧૨ મેચો રમાઈ ચુકી છે. મારીને આમાં સાતમાં વખત જીત મેળવી હતી. હજુ સુધી કોઈપણ ભારતીય ખેલાડી વર્લ્ડ ચેમ્પિયનશીપનો તાજ પોતાના નામ ઉપર કરી શક્યો નથી. પીવી સિંધુ સતત બીજી વખત ફાઈનલમાં આવીને પરાજિત થઈ છે. રમત શરૂ થતાની સાથે જ ગેમમાં કેરોલીના મારીને પ્રથમબે પોઈન્ટ પોતાના નામ પર કર્યા હતા. ત્યારબાદ સિંધુએ પોતાના પ્રથમ પોઈન્ટ મેળવ્યા હતા અને સતત ચાર પોઈન્ટ લઈને ગેમમાં પોતાની લીડ મેળવી લીધી હતી. બંને ખેલાડીઓએ પ્રથમ ગેમમાં જોરદાર રમત રમી હતી પરંતુ બીજા ગેમમાં મારીને રમતમાં આક્રમકતા દર્શાવી હતી અને સિંધુને કોઈ તક આપી ન હતી. સિંધુએ ખાતુ ખોલ્યું હતું પરંતુ તેની પક્કડ બીજા ગેમમાં દેખાઈ ન હતી. એક વખતે સિંધુ મારીનની સામે ૧-૭થી પાછળ થઈ ગઈ છે. આ ગેમમાં સિંધુ જ્યારે એક પોઈન્ટ મેળવતી હતી.

વાચકોએ ઉજવી પુસ્તકો સાથેની ફ્રેન્ડશીપ..!!

ઓગષ્ટ મહિનાના પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશીપ ડે'ના દિવસે યોજાયેલ પુસ્તક પરબમાં પુસ્તક પ્રેમીઓએ પોતાનો વાંચન પ્રે પ્રદર્શિત કર્યો હતો. આજની પુસ્તક પરબમાં વાચકોએ પોતાની પસંદગીના ૨૪૨ પુસ્તકો અને ૨૨૦ મેગેઝીનો સહિત કુલ ૪૬૨ પુસ્તકો મેળવ્યા હતા. જ્યારે આ પ્રસંગે પુસ્તક પરબ પ્રવૃત્તિને ૭૭૦ પુસ્તકોની ભેટ મળવા પામી હતી.

અમદાવાદ-કસાણા એસટી બસ પુનઃ ચાલુ કરવા દસથી વધુ ગામોની ઉગ્ર માંગ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં આદિજાતિ પછાત મેઘરજ વિસ્તારમાં એસટી બસની અપૂરતી સુવિધા હોવા છતાં આ વિસ્તારના કસાણાને જોડતી અમદાવાદ કસાણાની સીધી બસ સેવા એક માસથી છીનવાઈ જતા ઉતારુઓ પારાવાર હાલાકી ભોગવી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ કસાણાની બસ સુવિધાને લીધે કસાણા અને આસપાસના ૧૦થી વધુ ગામો અને આખાય રૂટ ઉપરના ગામો માટે આ એસટી બસ આશીર્વાદરૂપ નીવડી હતી આમછતાં તંત્રવાહકોએ આ બસ છીનવી લેતા કસાણા ગ્રામ પંચાયતે લાગતાવલળગતાઓને રજુઆત કરીને પુનઃ આ બસ ચાલુ કરવા માગ ઉઠાવી છે.

સરપંચે આ અંગે ઈડરના ડેપો મેનેજરને લેખિતપત્ર દ્વારા રજુઆત પણ કરી છે. વિસ્તારની વાજબી માગણી નહિ સંતોષાય તો પ્રજાજનો દ્વારા ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરાશે તેમ જાણવા મળે છે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશને મેયર સાથે મુલાકાત કરી

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનના પ્રમુખ તેમજ સભ્યો તાજેતરમાં ગાંધીનગર શહેર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશને તા. ૨૦-૭-૧૮ ના રોજ ગાંધીનગરમાં રાત્રી આશરા બાંધવાની નગરજનોની છેલ્લા દશ વર્ષથી માંગણીનો અંગેનો ઠરાવ સુપ્રત કર્યો હતો. આ પ્રસંગે મેયર પ્રવિણભાઈ પટેલે એસોસિએશનની રજુઆત શાંતિપૂર્વક સાંભળી અને જણાવ્યું કે સરકાર સાથે રાત્રી આશરા માટેની જમીન તેમજ અન્ય વ્યવસ્થા અંગે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા જમીન અને બાંધકામ અંગે નિર્ણય લેવામાં આવશે.

દેહદાન

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામના નવાપુરા હરીઓમ સોસાયટીમાં વસવાટ કરતા સ્વ. નથુદાસ મગનદાસ પટેલ ઉ.વ.આ. ૮૭નું દુખદ અવસાન થતા સદ્ગતના કુટુંબીજન જયંતિભાઈ પટેલની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મેડીકલ કોલજના ડો.હિરેન તથા સ્ટાફના મિત્રો તેમજ જુસીકાના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ, હિતેશ રાવલ અને ગણપત મકવાણા હાજર રહ્યા હતા.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

ગુજરાત સરકારના કેસમાં પીટીશનરના પિતાશ્રી જેઓ સરકારી નોકર હતા તેઓનું અવસાન થતા તેના પુત્રએ રહેમરાહે નોકરી માટે અરજી ગુજારતા સરકારે બહાનુ બતાવી નકરી કાઢેલ કે પીટીશનરે તેના પિતાના અવસાન બાદ બે વર્ષમાં અરજી કરવી જોઈએ નહિ કે પુખ્ત વયે પહોંચ્યા બાદ આ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જજશ્રીએ જણાવેલ કે કર્મચારીના વારસદાર કર્મચારીના અવસાન બાદ જયારે પણ પુખ્તવયના થાય ત્યારબાદ બે વર્ષે અરજી કરે તો પણ રહેમરાહે નોકરી આપવી જોઈએ તેવો ચુકાદો આપી પીટીશનરની અરજીમાં અરજીતસિંહ વિરૂધ્ધ પોલીસ મહાનિર્દેશકનાડ કેસર્ને સંદર્ભ ટાંકી મંજુર કરેલ છે પરંતુ હાલમાં ગુજરાત સરકારે રહેમરાહે નોકરીની પ્રથા બંધ કરી છે કર્મચારીના અવસાન બાદ કર્મચારીએ કરેલ નોકરી મુજબ કે બાકી રહેલ નોકરીની ગણતરી કરી અવાસન થયેલ કર્મચારીઓના વારસદારોને રોકડમાં સહાય ચુકવવામાં આવે છે. આ પ્રથા સામે કર્મચારીઓમાં ઘણા રોષની લાગણી છે અને આ પ્રથા તથા નિયમો બદલવા માટે કર્મચારીઓ ઘણા લાંબા સમયની ગુજરાત સરકાર સમક્ષ માંગણી કરેલ છે જે હાલમાં માંગ પડતર છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

"ગોડ્સ કન્ટ્રી" જેવા શબ્દપ્રયોગ રજૂ કર્યા. એમાંથી અમને સ્ફૂર્યું:"ગોડ્સ ઓન કન્ટ્રી" અને મંત્રી શ્રીનિવાસને એને મંજૂરી આપી હતી ! એમનો વ્યક્તિગત મત ભલે ઈશ્વરના અસ્તિત્વને નકારતો હોય,પણ રાજ્યના શાસક તરીકે એના વિશાળ હિતમાં આ કેચલાઈન એમણે મંજૂર કરી અને આજે દુનિયાભરમાં એ પ્રચલિત છે. કેરળ જેવી મંદિરો, મસ્જીદો અને ચર્ચોની ભૂમિ પર એ બધાની સારસંભાળમાં પણ માર્ક્સવાદી શાસકોને અને કોંગ્રેસી શાસકોને ક્યારેય વાંધો પડ્યો નથી.

ડાંગે-દેશપાંડેએ પ્રબોધેલો માર્ગ

અનેક વર્ષ વેદાન્ત અને યોગશાસ્ત્ર પર સંશોધન કરીને કમ્યૂનિસ્ટ નેતા બાની દેશપાંડેએ નવેમ્બર ૧૯૭૪માં પ્રકાશિત કરાવેલા પોતાના પુસ્તક "યુનિવર્સ ઓફ વેદાન્ત"ની પ્રસ્તાવના ભારતીય સામ્યવાદી પક્ષના સર્વોચ્ચ નેતા શ્રીપાદ અમૃત ડાંગે (૧૮૮૯-૧૯૯૧)એ લખી હતી.એ વેળા તેમના પક્ષમાં રાજેશ્વર રાવ જેવા નેતાઓએ ડાંગે પર ભારે પસ્તાળ પાડી હતી. જોકે એ વેળા પણ બાનીના પુસ્તકને વાંચીને વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને હિંદુ ધર્મના તત્વજ્ઞાનના વિદ્વાન ડૉ.કર્ણ સિંહે બાનીને બિરદાવ્યા હતા. દુનિયાભરમાંથી માર્ક્સવાદી સત્તાધીશોનો પ્રભાવ ઓસરતો જાય છે ત્યારે રશિયા અને ચીને પોતપોતાની રીતે માર્ક્સવાદને વ્યાખ્યાયિત કરીને શાસનમાં અને અર્થતંત્રમાં નોખા માપદંડ અપનાવ્યા છે.કેરળમાં માર્ક્સવાદીઓ વેદાન્ત ભણી વળે તો એમાં ડાંગે થકી પ્રબોધેલા માર્ગનું જ અનુસરણ હોવાનું સ્પષ્ટ છે. આ તબક્કે સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મ પરિષદમાં ૧૮ સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ કરેલા ભાષણના કેટલાક અંશ ટાંકવાની લાલચ ખાળી શકાતી નથી: "વેદાન્ત ફિલસૂફીનાં ઉચ્ચ આધ્યાત્મિક ઉડ્ડયનો, જે છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધખોળો તો જેના પ્રતિધ્વનિ જેવી લાગે, તેને હિંદુ ધર્મમાં સ્થાન છે. મૂર્તિપૂજાના નીચલી કક્ષાના વિચારોને અને તેમાંથી જન્મ પામતી અનેક પૌરાણિક કથાઓને હિંદુ ધર્મમાં સ્થાન છે.બૌદ્ધ ધર્મીઓના નિરીશ્વરવાદને હિંદુ ધર્મમાં સ્થાન છે, અને જૈન ધર્મના નાસ્તિકવાદને પણ હિંદુ ધર્મમાં સ્થાન છે." જો આપણે શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, માર્ક્સ અને હેગેલ તેમજ અન્ય આસ્તિક-નાસ્તિક કોઈપણ મહામનાઓને માનતા હોઈએ તો પછી સમજી લઈએ કે સમાજમાં ટકરાવ ક્યાંય આવતો જ નથી. ટકરાવ પેદા કરવાનું કામ માત્ર રાજકીય લાભ ખાટવા ઈચ્છુકો જ કરે છે.

- haridesai@gmail.com

કંપની સમાચાર

કેડિટ એક્સેસ ગ્રામીણ લિમિટેડનો ૮મીએ આઈપીઓ ખુલશે

કેડિટએક્સેસ ગ્રામીણ લિમિટેડ (કંપની)એ શેરદિઠ કિંમતે રોકડ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતુ ઈક્વિટી શેરનો આઈપીઓ (ઓફર) ઓગષ્ટ-૨૦૧૮નાં રોજ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં રૂ. ૬,૩૦૦ મિલિયનનાં નવા ઈક્વિટી શેર (ફ્રેશ ઈશ્યૂ) અને પ્રમોટર કેડિટએક્સેસ એશિયા એન.વી. (પ્રમોટ વિક્રેતા શેરધારક) અને આ પ્રકારના ઓફર થયેલા શેર. (ઓફર્ડ શેર) (ઓફર ફોર સેલ) ૧૧,૮૭૬,૪૮૫ ઈક્વિટી શેર ઓફર કરશે.

બિડ/ઓફર ૧૦ ઓગષ્ટ, ૨૦૧૮નાં રોજ બંધ થશે. કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારક આઈસીડીઆર નિયમનો મુજબ એન્કર ઈન્વેસ્ટર્સની ભાગીદારી અંગે બીઆરએલએમ સાથે ચર્ચા કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ હશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૧૮ થી રૂ. ૪૨૨ છે. બિડ લઘુત્તમ ૩૫ ઈક્વિટી શેર માટે અને પછી ૩૫ ઈક્વિટી શેર માટે થઈ શકશે.

ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. આ શેરના લુક રનિંગ બીડ મેનેજર્સ આઈસીઆઈસીઆઈ સીક્યોરીટી લીમીટેડ કેડિટ એક્સપોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ આઈઆઈએફ હોલ્ડિંગ્સ લિમિટેડ અને કોટક મહિન્દ્ર કેપીટલ કંપની લિમિટેડ છે.

પાર્લેની-૨૦-૨૦ની કેમ્પેઈન હકારાત્મક વિચારોને પુરસ્કૃત કરવા માટે મોજીલું તત્વ લાવે છે

ભારતની મનગમતી એફએમસીજી બ્રાન્ડ પાર્લે પ્રોડક્સે તેની અવ્વલ કૂકી બ્રાન્ડ પાર્લે-૨૦-૨૦ માટે નવી કેમ્પેઈન નામે ટેસ્ટ મે ૨૦ આઉટ ઓફ ૨૦ લોન્ચ કરી છે. આ કેમ્પેઈન યોજના યુવાનો ભરપૂર પારંપારિક ધારાધોરણોનો સામનો કરે ત્યારે તેમને ભોગવવી પડતી રોજેરોજની સ્થિતિઓ દર્શાવવાનો પાર્લેનો નિખાલસ પ્રયાસ છે. તે અપારંપરિક વિચાર પ્રક્રિયામાં હકારાત્મક રીતે વર્તન કરતાં પાત્રોને ફુલ માર્કસ, એટલે કે, ૨૦માંથી આપીને ૨૦-૨૦ કૂકીઝનાં ભાવિ વિચાર કરતાં મૂલ્યોને જોડે છે.

એવરેસ્ટ પ્રોડક્શન્સ દ્વારા સંકલ્પના અને ઘડવામાં આવેલી આ કેમ્પેઈનમાં પાંચ ટીવીસી છે. આ બધી પાંચ ટીવીસી મનોરંજન ઈવેન્ટ દર્શાવે છે, જેમાં યુવા પુખ્તોને અસર કરતી સામાજિક સ્થિતિઓને જોડે છે. જેમાં એક માતા પુત્રીને ગમે તે રીતે ડ્રેસ પહેરવા માટે પ્રોત્સાહન આપે છે, એક પિતા તેની કિશોરી પુત્રીને કિશોરો સાથે પ્રવાસ કરવા માટે ટેકો આપે છે, એક જમીનદાર અન્ય ધર્મના સંભવિત ભાડૂત સાથે જોડાણ બનાવે છે, ગોઠવેલાં લગ્નમાં આધુનિક વળાંક અને રિયલ એસ્ટેટ એજન્ટ શહેરમાં ભાડે રહેવા માગતા લિવ-ઈન-કપલને ટેકો આપે છે.

ટાટા ઈન્ટરનેશનલ ડીએલટીએ ભારતનું પ્રથમ ઈન્ટેલિજન્ટ ટ્રેલર લૉંચ કર્યું

ટાટા ઈન્ટરનેશનલ ડીએલટી આજે ગાંધીનગરમાં ટ્રક ટ્રેલર એન્ડ ટાયર એક્ષ્પોમાં ભારતનું પ્રથમ ઈન્ટેલિજન્ટ ટ્રેલર લૉંચ કર્યું હતું. ટાટા ડીએલટીનું ઈન્ટેલિજન્ટ ટ્રેલર અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે, જે ઓપરેટર અને ફ્લીટ મેનેજરને ટ્રેલરની અસરકારક કામગીરી અને જાળવણી માટે જરૂરી ડેટા પૂરો પાડે છે, જેનાં પરિણામે મેન્યુઅલ ટ્રેકિંગની જરૂરિયાત ઘટી જશે. વળી ઈન્ટેલિજન્ટ ટ્રેલર માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવામાં મદદરૂપ થશે અને બજારની કાર્યદક્ષતામાં વધારો કરશે. ટાટા ઈન્ટરનેશનલ ડીએલટી ભારતની સૌથી મોટી ટ્રેલર ઉત્પાદક છે તથા ભારતમાં ટ્રેલર અને ટ્રક બોડીમાં સૌથી મોટી બ્રાન્ડ પ